L:\ER\PRESS\2007\saurabh.doc

# PRESS RELEASE

The news of this release will enlighten your readers and so we earnestly request you to publish it soon. We are sure that you will provide this useful news to your ardent readers at the earliest. However, the time of release is at your discretion. This Press Release is issued in public interest.

## વિજ-દરો બાબતે ઉર્જા-મંત્રીનાં નિવેદન સામે ગ્રાહક શિક્ષણ અને સંશોધન સોસાયટીએ ઉઠાવેલ વાંધો.

છેલ્લા સાત વર્ષોથી ગુજરાતમાં વિજ-દરોમાં કોઇ વધારો થયો નથી એવા ગુજરાત રાજ્યનાં ઉર્જા મંત્રીશ્રી સૌરભ દલાલે તાજેતરમાં કરેલ નિવેદન સામે અમદાવાદની ગ્રાહક શિક્ષણ અને સંશોધન સોસાયટીએ વાંધો ઉઠાવ્યો છે. ટોરેન્ટ પાવર લીમીટેડે દરોમાં વધારાઓ કરવા માટેની કરેલ અરજીનાં સંદર્ભમાં તેઓશ્રીએ આવું નિવેદન કર્યું હતું.

ગ્રાહક સોસાયટીનું એવું કહેવું છે કે જુદા-જુદા સદર (Heads) હેઠળ દરોમાં વધારો થયા જ કરે છે. દરમાં છેલ્લો વધારો ડિસેમ્બર - ૨૦૦૦ માં જાહેર કરાયો હતો અને તે પછીથી ગુજરાત વિદ્યુત બોર્ડ તેને સાત કક્ષમાં ગોઠવી દીધેલ. એપ્રિલ ૨૦૦૪ થી ઉચ્ચક (Fixed) ભાવો સુધારાયા જ્યારે ગુજ. વિદ્યુત નિયમન આયોગે દબાણને વશ થઇ રહેઠાણો ઉપર રૂ.૪૪ કરોડનો, વ્યાપારી હેતુ ઉપર રૂ. ૧૪ કરોડનો અને ઔદ્યોગિક વપરાશ ઉપર રૂ. ૭ કરોડનો અને આ રીતે કુલ્લે ૬૫ કરોડનો બોજો વધારી દેવાયો છે.

ઉચ્ચક દરો જેવા કે રહેઠાણ ગ્રાહકોનાં સીંગલ ફેઇઝ માટેનાં દરોમાં ૨.૭ માંથી ૨૨ ટકા અને થ્રી ફેઇઝ માટે ૧૦.૫ માંથી ૫૫.૯ જેટલો અનહદ વધારો કરવામાં આવ્યો હતો. એજ રીતે, વ્યાપારી ગ્રાહકો માટે પણ સીંગલ ફેઇઝ માટે ૧૨.૧ માંથી ૫૭.૮ ટકાનો અને થ્રી ફેઇસ માટે ૭.૮ થી ૮૯.૭ ટકાનો વધારો કરાયો છે.

ઇંધણ માટેના અને વિદ્યુત ખરીદવા માટેના ભાવને સરભર કરવા માટેનાં સિધ્ધાંતને રાજ્ય માલિકીની વિતરણ કંપનીઓને મંજુરી આપી ગુ.વિ.નિ. આયોગે ઉપભોક્તાનાં ઘા ઉપર મીઠુ ભભરાવવા જેવુંકાર્ય કર્યું છે.

આ સિધ્ધાંત અનુસાર ઇંધણની અને વિદ્યુતની ખરીદીની કિંમતમાં થતો વધારો વિતરણ કંપનીઓ જે ચૂકવે તેનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ નવા સિધ્ધાંત અન્વયે તો વિતરણ કંપનીઓ પોતાનાં પ્લાન્ટસ ચાલુ રાખવા માટે ચિંતિત હોતા નથી કારણ કે સવતંત્ર રીતે વિદ્યુત ઉત્પાદન કરનારાઓ પાસેથી મોંઘાભાવે વિદ્યુતની ખરીદવાનું આથી સહેલું બની ગયું છે અને આવી કિંમત ઉપભોક્તાઓ ઉપર નાંખી દેવામાં આવે છે. અંદાજે વિદ્યુતની આવી ખરીદી એક યુનિટનાં રૂ.૪.૫૦ થી રૂ.૭.૫૦ દરે કરવામાં આવે છે. જ્યારે પોતાનાં ઉત્પાદનમાં આવો ખર્ચ યુનિટ દીઠ રૂ.૨.૫૫ આવે છે.

આયોગે સદર સિધ્ધાંતને તા.૧-૪-૨૦૦૫ થી અમલમાં આવે તેવી મંજુરી આપેલ છે. આ ઉપરાંત ઇંધણ અને વિદ્યુતની ખરીદીની કિંમતનો સરભર ખર્ચ પણ યુનિટે બે પૈસા મંજુર કરી દીધા છે. ઉપભોક્તાને એ જાણી આંચકો લાગશ કે એપ્રિલ ૨૦૦૭ થી આવા ખર્ચાઓ વધીને યુનિટ દીઠ ૨૧ પૈસા થયો છે જે હાલનાં દરોથી ૪.૫ થી ૮ ટકા વધી જશે. ગૃહ વપરાશ માટેની કક્ષામાં પ્રથમ સ્લેબમાં આ દરો યુનિટે ૨.૭૦ + રૂ.૦.૨૧ એમ (એક) યુનિટે કુલ્લે રૂ.૨.૯૧ ચૂકવી રહ્યા છે જે ૭.૮ ટકાની વૃધ્ધિ બતાવે છે. આમાં જો ઉચ્ચક દરોનો વધારો ઉમેરવામાં આવે તો વિજ દરમાં વધારો દસ ટકા જેવો થાય છે. આથી ગ્રાહક સોસાયટી એવું પુછી રહી છે કે સાલ ૨૦૦૦ પછી દરોમાં કોઇ જ વૃધ્ધિ કરવામાં આવી નથી તેવો દિલાસો હજી પણ મંત્રીશ્રી લઇ શકે કે કેમ?

ખર્ચનાં સરભરનાં આ સિધ્ધાંત અન્વયે પરચુરણ ખર્ચાઓ જેમાં તમામ છૂપા ખર્ચાઓ વિતરણ કંપનીઓ ઉમેરવા લાગશે. આ બધા ખર્ચાઓ ગુ. વિ. નિ. આયોગ મારફત ઉપભોક્તાઓ માથે મારવામાં આવશે એ દિવસ હવે દુર નથી એ વિશે ગ્રાહક શિક્ષણ અને સંશોધન સોસાયટીએ વિજ - ઉપભોક્તાઓને ચેતવ્યા છે. ઉચ્ચક (ફિક્સ) ખર્ચાઓ, વેરીએબલ ખર્ચાઓ અને સરભર ખર્ચાઓ શું છે તે સામાન્ય વિજ ઉપભોક્તા સમજી શકવાનો નથી. એ તો એટલું જ જાણે કે એક યુનિટનાં વપરાશ માટે તે કેટલી રકમ ચૂકવે છે. આથી. વિદ્યુત ક્ષેત્રે ગુજરાતનાં વિજ - ઉપભોક્તાઓનું શોષણ કરવાનું બંધ કરવું જોઇએ.

તા.૬-૭-૨૦૦૭
સ્થળ : અમદાવાદ

**પ્રિતી શાહ**
તંત્રી
ઇનસાઇટ - ધી કન્ઝ્યુમર મેગેઝીન


**CONSUMER EDUCATION AND RESEARCH SOCIETY**
"Suraksha Sankool", Thaltej, Ahmedabad-Gandhinagar Highway,Ahmedabad
Phone: 079-27489945-46, 27450528, 30121001-02-03 Fax: 079-27489947
Email: cerc@cercindia.org Home Page : www.cercindia.org